بسم اللہ الرحمن الرحیم

# સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.15-12-2017 સ્થળ: બૈતુલ ફુતુહ, લંડન

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે સૂરે તૌબાની આયતની તિલાવત ફરમાવી :

وَالسّٰبِقُوْنَ الْاَوَّلُوْنَ مِنَ الْمُهٰجِرِيْنَ وَالْاَنْصَارِ وَالَّذِيْنَ اتَّبَعُوْهُمْ بِاِحْسَانٍ رَّضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ

وَاَعَدَّ لَهُمْ جَنّٰتٍ تَجْرِيْ تَحْتَهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَاۤ اَبَدًا ؕ ذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ

અનુવાદ : હિજરત કરનારાઓ અને અન્સારો જે સૌથી પહેલા ઈમાન લાવનાર હતા તેઓ અને જે લોકોએ પ્રમાણિક પણે તેમનું અનુસરણ કર્યુ હતુ, તેમનાથી અલ્લાહ બેહદ ખુશ છે અને તેઓ પણ અલ્લાહથી ખુશ છે, અને તેમના માટે અલ્લાહે એવા બગીચાઓ તૈયાર રાખ્યા છે જેની નહેરો વહેતી હશે, જેમાં તેઓ સદાય રહેશે, આ એક ભવ્ય સફળતા છે.

આ આયતમાં આંહઝરત સ.અ.વ.ના સહાબાઓનું વર્ણન છે જે અગ્રીમ સ્તર પ્રાપ્ત કરનાર છે, જે આધ્યાત્મિક સ્તરમાં સૌથી ઉચ્ચ હતા તથા પોતાના ઈમાનોના ધોરણો અને અલ્લાહ તઆલાની તાલીમ અનુસાર કર્મ કરનારમાં બધાને પાછળ છોડનાર હતા. આ લોકો છે જે સૌથી પહેલા ઈમાન લાવ્યા તથા પછી આવનાર વાળાઓ માટે પોતાના ઉદાહરણો નમૂના રૂપે છોડી ગયા જેથી બીજા લોકો તેમના નમૂનાઓનું અનુસરણ કરે. આમ અલ્લાહ તઆલાએ અહીયા સહાબાને બાદમાં આવનાર માટે એક અનુસરણીય નમૂનો બનાવ્યા તથા ઘોષણા ફરમાવી કે અલ્લાહ તઆલા તેમના ઈમાનના સ્તર તથા તેમના કર્મોથી થયો અને તેમણે પણ અલ્લાહ તઆલાની પ્રસન્નતાની પ્રાપ્તિને પોતાના જીવનનો લક્ષ્ય બનાવ્યો. પ્રત્યેક હાલતમાં તેઓ અલ્લાહ તઆલાના આભારી બંદામાં સામેલ રહ્યા. આથી અલ્લાહ તઆલા ફરમાવે છે કે જે પણ આ નમૂનાઓ પર ચાલતા રહેશે ઈમાન અને નિષ્ઠા અને વફાદારીમાં અધિક શુભ કામ કરતા રહેશે, ખુદા તઆલાના પુસ્કારોને પ્રાપ્ત કરનાર બનતા રહેશે. અલ્લાહ તઆલાએ સહાબાને અનુસરણ કરવાની હિદાયત મેળવવાનું માધ્યમ બનાવ્યુ છે. આથી એક હદીસમાં આવે છે કે હઝરત ઉમર રઝી. બયાન કરે છે કે હુઝુર સ.અ.વ.એ ફરમાવ્યું કે મેં મારા સહાબાના મતભેદ વિશે અલ્લાહ તઆલાથી સવાલ કર્યો તો અલ્લાહ તઆલાએ મારી તરફ વહ્યી ફરમાવી કે હે મુહમ્મદ સ.અ.વ. તારા સહાબાનું મારી નજરમાં એવું સ્તર છે જેવુંકે આકાશમાં તારા છે, કેટલાક વધું પ્રકાશ વાળા છે પરંતુ નૂર પ્રત્યેકમાં છે. આથી જેણે તારા કોઈ સહાબીનું અનુસરણ કર્યુ મારી નજરમાં તે સત્ય માર્ગ પર હશે.

આ પ્રમાણે અલ્લાહ તઆલાએ આ સ્તર ફરમાવ્યો છે આંહઝરત સ.અ.વ. ના સહાબાનો. પ્રત્યેક તેમાંથી આપણા માટે માર્ગ દર્શક છે. સહાબાના સ્તર અને સ્થાન અને અલ્લાહ તઆલા તેમનાથી પ્રસન્ન થવાનું વર્ણન કરતા એક સ્થળે હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે સહાબાએ અલ્લાહ તઆલા અને તેના રસૂલ સ.અ.વ.ના માર્ગમાં તે સચ્ચાઈ દેખાડી કે તેમને رَّضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ નો અવાજ આવી ગયો. આ ઉચ્ચતમ સ્તર છે જે સહાબાઓને પ્રાપ્ત થયો અર્થાત અલ્લાહ તઆલા તેમનાથી પ્રસન્ન થઈ ગયો તથા તેઓ અલ્લાહથી પ્રસન્ન થઈ ગયા. આ સ્તરના ગુણો તથા શ્રેણીઓ અને અતિ ઉત્તમ કર્મ શબ્દોમાં બયાન નથી થઈ શકતા. અલ્લાહ તઆલાથી ખુશ થઈ જવું કોઈ વ્યકિતનું કામ નથી બલ્કે આ ભરોસો અને સાંભળવા તથા માનવાનો ઉચ્ચતમ સ્તર છે જ્યાં પહોચીની મનુષ્યને કોઈ પણ પ્રકારની ફરીયાદ પોતાના મૌલાથી રહેતી નથી તથા અલ્લાહ તઆલા પોતાના બંદાથી પ્રસન્ન થઈ જવું આ વાત પર નિર્ભર છે કે

બંદામાં ઉચ્ચ સ્તરીય સત્ય હશે તથા આજ્ઞાપાલન અને ઉચ્ચ સ્તરીય પવિત્રતા શુદ્ધતા તથા આજ્ઞાપાલનના ઉચ્ચ સ્તર પર હોય જેનાથી માલૂમ થાય છે કે સહાબામાં સત્યમાર્ગના તમામ સ્થાનો પાર કરી લીધા હતા.

આથી, સહાબા આપણા માટે નમૂનો છે. આંહઝરત સ.અ.વ. એક અવસરે પોતાના સહાબાના ધોરણે તથા શ્રેણી વિશે બયાન કરતા ફરમાવે છે કે મારા સહાબાના વિશે અલ્લાહ તઆલાથી ભય સાથે કામ લેવું, તેમના પર આપત્તિ ન કરવી, જે વ્યકિત તેમનાથી પ્રેમ કરશે તે વાસ્તવમાં મારાથી પ્રેમના કારણે કરશે તથા જે વ્યકિત તેમની સાથે દ્વેષ રાખશે તે વાસ્તવમાં મારી સાથે દ્વેષના કારણે તેમનાથી દ્વેષ રાખશે. જે વ્યકિત તેમને દુ:ખ આપશે, તેણે મને દુ:ખ આપ્યું અને જેણે મને દુ:ખ આપ્યું તેણે અલ્લાહને દુ:ખ આપ્યું અને જેણે અલ્લાહને દુ:ખ આપ્યું તથા અપ્રસન્ન કર્યો તો સ્પષ્ટ છે કે તે અલ્લાહની પકડમાં છે.

પછી એક સ્થળે આપ ફરમાવે છે કે મારા સહાબાને બુરા ભલા ન કહેશો, તેમના કોઈ કામની આલોચના ન કરવી, ખુદાની સોગંદ જેના હાથમાં મારો જીવ છે જો તમે ઓહદ પહાડની બરાબર પણ સોનુ દાન કરી દો તો પણ તમોને એકલું પ્રતિફળ અને સવાબ ન મળશે જેટલું તેમને એક દરહમ અથવા તેનાથી અડધો દરહમની બરાબર ખર્ચ કરવા પર મળ્યું હતું.

આથી આ તે લોકો છે જેમનું સ્તર અને પ્રતિષ્ઠા ખુબ ઉચ્ચ શ્રેણીની છે તથા આપણા માટે નમૂનો છે, તેમની પાછળ આપણે ચાલવું છે જો અલ્લાહ તઆલાની પ્રસન્નતા પ્રાપ્ત કરવી છે તો, સિવાય તેના કે કોઈના વિરૂદ્ધ કોઈ વાત કરવામાં આવે અથવા કોઈના વિષયમાં મનમાં કુધારણા આવે. કોઈના સ્તરને આપણે પોતાના બનાવેલ સ્તર અનુસાર તપાસનો પ્રયાસ કરે, આ અનુચિત ભાવના છે.

આપણે હઝરત મસીહ મૌઉદ અ.સ., સહાબાના સ્તર અને પ્રતિષ્ઠાનો અધિક બોધ પ્રદાન કરતા ફરમાવે છે કે ન્યાયની દ્રષ્ટિથી જોવામાં આવે કે આપણા હાદી એ અકમલ સ.અ.વ.ના સહાબાએ પોતાના ખુદા અને રસૂલ માટે શું શું બલિદાન આપ્યા, અત્યાચાર સહન કર્યા, મુશ્કેલીઓ વેઠી, જીવ પણ આપ્યા, અને તો પણ સત્ય તથા વફાદારી સાથે કદમ આગળ વધારતા જ ગયા, આમ તે શું વાત હતી કે જેણે તેમને એવા જીવનને બલિદાન કરનાર બનાવી દીધા, તે સાચી ઈલાહી મુહબ્બતનો જોશ હતો જેની કિરણો તેમના દિલ પર પડી ચુકી હતી. માટે કોઈ નબીથી તુલના કરી લેવામાં આવે આપ સ.અ.વ.ની પવિત્રતા પ્રાપ્તિની તાલીમ પોતાના અનુસરણ કરનાર ને દુનિયાથી વિમુખ કરાવી દેવું, શૌર્ય સાથે સત્ય માટે ખૂન બહાવવું, તેનું ઉદાહરણ કયાંય મળશે. આંહઝરત સ.અ.વ.ના સહાબામાં જે આપસમાં સ્નેહ અને પ્રેમ હતો તેનું ચિત્રણ બે વાકયમાં બયાન ફરમાવ્યું છે કુરઆન શરીફમાં કે જે સ્નેહ તેમનામાં છે તે કદાપી પૈદા ન થાત, ચાહે સોનાનું પહાડ પણ દાન કરવામાં આવત. આપ ફરમાવે છે કે હવે એક બીજી જમાઅત મસીહ મૌઉદની છે જેણે પોતાની અંદર સહાબાનો રંગ પૈદા કરવું છે. સહાબાની તો તે પવિત્ર જમાઅત હતી જેની પ્રશંસામાં કુરઆન શરીફ ભરેલ પડયો છે. ફરમાવે છે, શું તમે લોકો એવા છો? જ્યારે ખુદા કહે છે કે મસીહ સાથે તે લોકો હશે જે સહાબાની શ્રેણીના હશે. સહાબા તો તે છે જેમણે પોતાનું ધન, પોતાનો દેશ, સત્ય માર્ગમાં બલિદાન આપ્યું અને બધું ત્યાગી દીધું. હઝરત સિદ્દીક એ અકબરનો મામલો ઘણી વાર સાંભળ્યો હશે, એક વાર જ્યારે અલ્લાહની રાહમાં ધન આપવાનો આદેશ થયો તો ઘરની તમામ સંપત્તિ લઈ આવ્યા. જ્યારે રસૂલે કરીમ સ.અ.વ.એ પુછયું કે ઘરમાં શું મુકીને આવ્યા છો તો ફરમાવ્યું કે ખુદા અને રસૂલને ઘરમાં મુકીને આવ્યો છું. આપ ફરમાવે છે કે મકકાના માલદાર વ્યકિત હોય અથવા કંબલ ઓઢનાર હોય, આ સમજી લો કે તે લોકો તો ખુદા માટે શહીદ થઈ ગયા, તેમના માટે તો આ જ લખ્યું છે કે સૈફો અર્થાત તલવારોની નિચે જન્નત છે પરંતુ આપણા માટે તો એટલી જટિલ સમસ્યા નથી કેમે યદઅુલ હરબ અમારા માટે આવ્યો છે, અર્થાત મહદીના સમયમાં લડાઈ ઝઘડા ન થશે. પછી સહાબાનું ચિત્રણ કરતા ફરમાચે છે કે જુઓ આંહઝરત સ.અ.વ.ના પ્રતિષ્ઠિત સહાબા રિઝવાનુલ્લાહિ અલૈહિમ અજમઅીન શું આરામ પસંદ તથા ખાવા પીવામાં અધિક રૂચિ રાખતા હતા, જે કાફિર પર પ્રભુત્વ રાખનાર હતા? કેવળ

સરળતાઓ ચાહતા હતા આ કારણે કાફિરો પર ગાલિબ આવી ગયા? ફરમાવ્યું કે નહી, આ વાત તો નથી, પહેલી પસ્તિકોમાં પણ તેમના વિષયમાં આવ્યું છે કે તે રાત્રે ઈબાદત કરનાર, દિવસોમાં રોઝા રાખનાર, તેમની રાતો ઝિક્ર અને ફિક્રમાં વ્યતીત થતી હતી.

હુઝુર અનવરે ફરમાવ્યું કે સહાબાના કેવા નમૂના હતા જે આંહઝરત સ.અ.વ.ની પવિત્ર શકિતના પરિણામ સ્વરૂપ તેમનામાં પેદા થયા, તેના અમુક ઉદાહરણો પેશ કરૂ છું.

હઝરત ઉમરની સજ્જનતા વિશે એક ઘટના આ પ્રમાણે મળે છે કે એક વ્યકિતએ હઝરત ઉમરથી કહ્યું કે આપ હઝરત અબૂ બકરથી સારા છો. તેના પર હઝરત ઉમર રડવા લાગ્યા અને ફરમાવ્યું કે ખુદાની સોગંદ હઝરત અબૂ બકરની એક રાત તથા એક દિવસ જ ઉમર તથા તેમની સંતાનના આખા જીવનથી ઉત્તમ છે. ફરમાવ્યું શું હું તમોને તે રાત અને દિવસ વિશે જણાવું. પુછનારે કહ્યું હાં જણાવો, આપે ફરમાવ્યું કે તેમની રાત તો તે હતી જ્યારે રસૂલ કરીમ સ.અ.વ.ને હિજરત કરી રાત્રે જવું પડયું અને હઝરત અબૂ બકર રઝીએ આપનો સાથ આપ્યો તથા તેમનો દિવસ તે હતો જ્યારે રસૂલ કરીમ સ.અ.વ.ની વફાત થઈ તથા અરબના લોકો નમાઝ અને ઝકાતના ઈન્કારી થઈ ગયા તે સમયે તેમણે મારા વિચાર વિરૂદ્ધ જેહાદનો નિશ્ચય કર્યો તથા અલ્લાહ તઆલાએ તેમને સફળતા આપીને સિદ્ધ કરી દીધું કે તેઓ સત્ય માર્ગ પર હતા.

પછી આંહઝરત સ.અ.વ.એ એક અન્ય પ્રતિષ્ઠિત સહાબી હઝરત ઉસ્માન હતા, જે ત્રીજા ખલીફા પણ હતા. હઝરત આયશા રઝી. ફરમાવે છે કે હઝરત ઉસ્માન સૌથી અધિક દયાળુ વ્યવહાર કરનાર તથા સૌથી અધિક અલ્લાહ તઆલાથી ડરનાર હતા. જ્યારે મસ્જીદ નબવીને વિસ્તૃત કરવાનો મામલો આવ્યો તો આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે આસ પાસના જેટલા મકાનો છે તેને મસ્જીદમાં સામેલ કી લેવામાં આવે. અર્થાત તે મકાનો લોકોથી ખરીદવા હતા, તે સમયે હઝરત ઉસ્માનએ અર્થાત તરત જ પોતાને પેશ કર્યો અને કહ્યું કે આ હું ખરીદુ છું અને પંદર હઝાર દરહમ આપી તે મકાનો ખરીદી લીધા. મુસ્લિમોને પાણીની સમસ્યા નો ખુબ સામોનો થયો, એક યહૂદીનો કુવો હતો જ્યાથી પાણી ભરવામાં ખુબ મુશ્કેલી હતી તો આપે યહૂદીથી મો માંગી કિંમત પર તે કુવો ખરીદી મુસ્લિમો માટે પાણીની વ્યવસ્થા કરી.

પછી હઝરત અલી રઝી. છે, અમીર મઆવિયાએ કોઈનાથી હઝરત અલીના ગુણ બયાન કરવા માટે કહ્યું, તેણે કહ્યું કે તે મોટા સહાબી તથા સુદ્રઢ શકિતઓના માલીક હતા, નિર્ણાયક વાત કહેતા તથા ન્યાય સાથે ફેસલો કરતા. તેમના તરફથી જ્ઞાનનો સ્ત્રોત ફૂટતો તથા પ્રત્યેક વિવેક તેમની ચારે બાજુ ટપકતો, દુનિયા અને તેમની સમૃદ્ધિથી ભય અનુભવ કરતા તથા રાત તથા તેના એકાંત અવસ્થાને પસંદ કરતાં. તેઓ લાંબુ ચિંતન કરનાર હતા તથા આપણામાં આપણા જેવા જ રહેતા, ખુબ સાદુ જીવન હતું. ખુદાની સોગંદ અમે તેમની સાથે પ્રેમ અને નિકટતા હોવા છતા તેમના રોબના કારણે વાત ન કરી શકતા હતા. તેઓ દીનદાર લોકોનું સંમાન કરતા અને નિર્ધનોને પોતાની પાસે સ્થાન આપતા. શકિતશાળીને તેમના અનુચિત કામમાં સ્વાર્થનો અવસર ન આપતા. અમીર મઆવિયાએ કહ્યું કે તમે સાચું કહો છો અને રડી પડયા.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે આંહઝરત સ.અ.વ. અને સહાબા કારમ રિઝવાનુલ્લાહ અલૈહિમ અજમઅીનના યુગને જો જોઈએ તો માલુમ થાય છે કે ખુબ સીધા સાદા હતા જેવું કે એક વાસણ પોલિશ કરાવી સાફ સુથરો થઈ જાય છે, તેવ જ રીતે તેમના દિલ હતા જે ઈલાહી કલામના નૂરથી પ્રકાશમય અને આત્માના દ્વેષથી બિલકુલ વિશુદ્ધ હતા. માનો કદ અફલહા મન તઝકકા ની સાચી પુષ્ટિ કરનાર હતા. આપ ફરમાવે છે કે જો ઈન્સાન તેવી જ રીતે શુદ્ધ હોય તથા પોતાને પોલશ વાળા વાસણની જેમ ચમકાવી લે તો ખુદા તઆલાના પુરસ્કારનું ભોજન તેમના દિલમાં નાખી દેવામાં આવે, કેમકે હવે કેટલા એવા છે અને કદઅફલહા મન તઝકકાના સત્યાર્થ છે.

આથી આપણે પ્રયાસ કરવો જોઈએ કે આપણે આપણો સુધાર કરીએ તથા પોતાના વાસણોને સાફ કરીએ અને જ્યારે હઝરત મસીહ મૌઉદ અ.સ.ને માન્યા છે, આંહઝરત સ.અ.વ.ના સાચા આશિકને આ યુગમાં માન્યા છે, તો પછી આ બધી વાતો અનુસાર કર્મનો પ્રયાસ કરો જે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ બયાન ફરમાવી છે તો જ આપણે વાસ્તવિક મુસલમાન પણ બની શકીએ છીએ.

અલ્લાહ તઆલા આપણને તેની તૌફિક આપે. આમીન

TOLL FREE NO: 180030102131

| Khulasa Khutba Jumma Huzoor Anwar 15 December 2017 |
| --- |
| BOOK POST (Printed Matter)<br><br>To.......................................................................................................<br>.......................................................................................................<br>.......................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |